# વિકલાંગજનથી દિવ્યાંગજનની યાત્રા

# એટલે અંધકારથી પ્રકાશ તરફની જાત્રા

વિકલાંગજન અને દિવ્યાંગજન શબ્દો સામાન્ય રીતે સરખા અર્થમાં આપણે વાપરીએ છીએ. બંનેનો અર્થ એ થાય કે જે વ્યક્તિમાં શારીરિક અથવા માનસિક ખોડખાપણ હોય તે વિકલાંગ અથવા દિવ્યાંગ તરીકે ઓળખાય.

પરંતુ મારી નજરમાં આ તો એક બાહ્ય શરીરની શારીરિક કે માનસિક ખોડખાપણની વાત થઈ. તો આ બે શબ્દોમાં ફરક શી રીતે કરવો જોઈએ ?

મારું માનવું છે કે દિવ્યાંગ એક એવી વ્યક્તિ છે કે જેને ભગવાને કોઈ દિવ્ય શક્તિ એટલે કે કોઈ અંગ કે ઈન્દ્રિયોની જગ્યા પર અન્ય કોઈ દિવ્ય ઈન્દ્રિયો કે અંગ આપેલા છે. જ્યારે વિકલાંગ એક એવી વ્યક્તિ છે કે જેને ભગવાને બધા જ અંગ અને ઈન્દ્રિયો આપી છે છતાં એનો ઉપયોગ કાં તો ગેરમાર્ગે અથવા તો ઉપયોગ જ થતો નથી.

જુદા-જુદા અંગોના આધાર પર વિકલાંગ અને દિવ્યાંગમાં અંતર દેખાય છે.

- જેને હાથ જ ન હોય તે દિવ્યાંગ હોઈ શકે, પરંતુ હાથ હોવા છતાં બીજાની મદદ માટે એ હાથ ન ઉઠે, તે વિકલાંગ.
- જેને પગ જ ન હોય તે દિવ્યાંગ હોઈ શકે, પરંતુ પગ હોવા છતાં ખોટા રસ્તે ચાલે, તે વિકલાંગ.
- જેને આંખ જ ન હોય તે દિવ્યાંગ હોઈ શકે, પરંતુ આંખ હોવા છતાં જે બુરાઈને જુએ અથવા આંખનો ખરાબ ઉપયોગ કરે, તે વિકલાંગ.
- જેનામાં બોલવાની ક્ષમતા જ ન હોય તે દિવ્યાંગ હોઈ શકે, પરંતુ જે જીભનો ખોટો ઉપયોગ કરે, તે વિકલાંગ અને
- વિકલાંગ એ નહીં જેનામાં કી અંગની ખામી છે, અસલી વિકલાંગ તો એ છે જેની અંદર પ્રેમ, કરૂણા અને માનવતા જ મરી પરવારી છે.

મોટાભાગના આપણે પરિપૂર્ણ શરીર અને મન હોવા છતાં પણ વિકલાંગની જિંદગી જ જીવી રહ્યા છીએ.

દિવ્યાંગજનો આપણને ઘણી બધી વાત શીખવાડી જાય છે, જે આપણા જીવનને દિવ્યતા અર્પી શકે છે, અંધકારથી પ્રકાશ તરફ લઈ જઈ શકે છેઃ

- વ્યક્તિ શરીરથી દિવ્યાંગ નહીં, મનથી હોય છે. મન જેના નબળા હોય એને રસ્તા જડતા નથી. અડગ મનની માનવીને હિમાલય પણ નડતા નથી.
- નીચે પડવું એ એક અકસ્માત છે, પરંતુ નીચે પડ્યા રહેવું એ આપણી ઈચ્છા છે, આપણો નિર્ણય છે.
- ગમે તેવી પરિસ્થિતિ મને પૂર્ણતા સુધી પહોંચતા રોકી શકે નહીં.
- વ્યક્તિને આંખની નહીં, દ્રષ્ટિની જરૂર છે. કુદરતે જે આપ્યું છે તેની કદર કરો.
- જીવનના પડકારો આપણી માન્યતાઓને મજબૂત કરવા માટે છે, ડગમગવા માટે નહીં.
- આપણી સફળતા અને ખુશી આપણામાં છે. મજબૂત સંકલ્પથી જ આપણે ગમે તેવી મુશ્કેલીમાં પણ આનંદમાં રહી શકીશું.

જીવન એક મધુર યાત્રા છે એને જો જાત્રામાં પરિવર્તીત કરવામાં આવે તો ગમે તે વિપરીત સંજોગોમાં, મુશ્કેલ ક્ષણોમાં, વિચલિત ન થતાં, અનેક દિવ્યાંગો માફક મુશ્કેલ ક્ષણોનો સામનો કરીને દિવ્યાંગજન બની શકીએ, અંધારામાંથી પરમ તેજે જઈ શકીએ.